# 8 સદા પ્રેમીઓ તો

સદા પ્રેમીઓ તો પ્રેમમાં બને છે આંધળાં,
અક્લ-બુદ્ધિનાંયે સર્વે થાય બંધ-બારણાં.

'રાગ' બેસે ત્યાં જ મુગ્ધતાથી દોડે આખું તન,
'આંખ' ઠરે ત્યાં જ પરોવાય સ્નેહ-દોરે મન.
પાંચ ઇન્દ્રિયો ને ચિત્તવૃત્તિ ત્યાં જ સ્થિર થાય,
એનો એક શબ્દ સુણતાં જ હૈયું હરખાય. ---સદા...

કિંતુ લોકસ્નેહ-ચીકાશો વધે પછી ઘટે,
પ્રેમ નિર્વાસની વાત્સલ્ય કાયમ વધે.
શુદ્ધ પ્રેમે ડૂબ્યાં તે પ્રથમ તો ભૂલે દેહભાન,
આખી દુનિયા વિસ્મરાવે તેને ભગવાન જાણ. ---સદા...

પરમાણુના આકર્ષણમાં ન્હોયે 'પ્રેમ'નું ટીપું,
વિશ્વે વાસના છે આરોપિત સુખનું હેરિયું.
જ્યાં ધ્યાન-સ્મરણ-કીર્તને સ્વ-આત્મ ઠરે છે,
તેનો કેડો મૂકશો જ નહીં, શાસ્ત્ર કહે છે. ---સદા...

જેને ચડી જાય છે જે વસ્તુઓનું આવરણ,
ત્યાં જ મૂર્ચ્છનાથી ચિત્તે ચડે મોહ-આવરણ.
અમને ચડી ગયું ફક્ત 'દાદ'-નામ આવરણ,
તેથી યાદ રહ્યું પ્રત્યક્ષ 'દાદા'નું સ્મરણ. ---સદા...

સહુને એક લક્ષ મહત્ત્વનું હોય સમામાં,
પરંતુ ન બેસે જ્ઞાન-લક્ષ-ભાન આત્મમાં.
નાશવંતી ભ્રાંતિ અવસ્તુનો અપાદાની જો,
વસ્તુ અવિનાશ આપનાર 'સર્વજ્ઞ' જો. ---સદા...

જેઓ કરતાં નથી દેહ કાજે કોઈ માગણી,
તેનાં પર સદાયે હોય સૌની કુરબાની.
એણે મૂંગા રહી વરસાવી છે મહેરબાની,
આત્મહેતુ કાજ દર્શાવી છે ગુપ્ત લાગણી. ---પાંચ...

જોટો જડશે નહીં વિશ્વમાં 'આ' શુદ્ધ પ્રેમનો,
એણે વહ્યો સઘળો ભાર અમારા યોગક્ષેમનો.
પ્રેમ વધે નહીં, ઘટે નહીં વિરહ-મિલને,
'દાદ'-લગની લાગે એને અહીં મોક્ષ મિલન્તે.

સર્વે મોહ—રાગ—સ્નેહ—મમતા હોજો 'દાદા'મય,
મૂર્તિ સજીવનની કૃપા એ જ મોક્ષ-મનોલય.
સદા "જ્ઞાની" વીતરાગ વસો અંતઃકરણમાં,
એ જ ભાવ અભિલાષે ખૂલે મોક્ષ-બારણાં. ---સદા...